શહેરમાં રવિવારે ચૂંટણી પ્રચારનો ધમધમાટ

શહેરમાં ઠેર ઠેર રેલી-સરઘસો-પદયાત્રા જેવા આયોજનો : ઉમેદવારોએ રજાનો દિવસ જોઈ ડોર-ટુ-ડોર પ્રચાર સઘન બનાવ્યો : શહેરના આંતરિક વિસ્તારમાં રીક્ષાઓ ફરતી રહી અને મુખ્ય માર્ગો પર ડીજેના તાલ ગૂંજતા રહ્યાં

ગાંધીનગર, તા. ૨૬

ગાંધીનગરમાં આજે રવિવારે આખો દિવસ ચૂંટણી પ્રચારનો ધમધમાટ અને રાજકીય રેલીઓનો ઘોંઘાટ ગૂંજતો રહ્યો હતો. રવિવારની રજાના દિવસે શહેરમાં મતદારોનો સંપર્ક સારી રીતે થઈ શકે તેવા કારણથી આજે તમામ રાજકીય પક્ષોએ પ્રચારકાર્યમાં એડીચોટીનું જોર લગાવી દીધું હતુ. સવારથી જ શરૂ થયેલાં પ્રચારના ધમધમાટમાં કોલવડા ખાતે કોંગ્રેસની રેલી, પેથાપુર ખાતે ભાજપની પદયાત્રા, સરગાસણ ખાતે ગરવી ગુજરાત પાર્ટીની રેલી, વોર્ડ નં. ૧૧ માં અપક્ષ ઉમેદવારની બાઈક રેલી ઉપરાંત સાંજના સમયે આમ આદમી પાર્ટી દ્વારા શહેરના સેક્ટર-૨૧ માં રેલી સાથે નુક્કડ નાટક-નૃત્ય વગેરે ઉપરાંત ડોર-ટુ-ડોર પ્રચારકાર્ય પણ પુરજોશમાં જોવા મળ્યાં હતા.

આજે સવારે વોર્ડ નં. ૭ ના કોલવડા ખાતે ગાંધીનગર ઉત્તર બેઠકના ધારાસભ્ય ડૉ. સી.જે. ચાવડા અને માણસાના ધારાસભ્ય સુરેશભાઈ પટેલ સહિત કોંગ્રેસી અગ્રણીઓ સાથે શહેર પ્રમુખ પ્રદિપસિંહ વાઘેલા દ્વારા યોજવામાં આવેલી રેલીમાં મોટી સંખ્યામાં કાર્યકરો અને ટેકેદારો જોડાયાં હતા. રેલી દરમ્યાન કોંગ્રેસના દેવેન્દ્રસિંહ ગોલ સહિત ઉમેદવારોએ જનસંપર્ક સઘન બનાવ્યો હતો. આ સાથે સવારના સમયે પેથાપુરમાં વોર્ડ નં. ૨ માં સમાવિષ્ટ જીઈબી છાપરાં અને ચરેડી વસાહતમાં ડીજે-ઢોલ નગારાં સાથે ભાજપના ઉમેદવારો અનિલસિંહ વાઘેલા સહિત અન્યો દ્વારા પદયાત્રા યોજવામાં આવી હતી. બીજી તરફ સરગાસણ ખાતે ગરવી ગુજરાત પાર્ટીના ધર્મેશ ઠાકોર દ્વારા પણ રેલીનું આયોજન કરાયુ હતુ જ્યારે વોર્ડ નં. ૧૧ ના ખોરજ ખાતે અપક્ષ ઉમેદવારની બાઈક રેલીમાં મોટી સંખ્યામાં યુવાનો જોડાયાં હતા. આજે સવારથી જ શહેરના સેક્ટરોમાં તેમજ સોસાયટીઓમાં ઉમેદવારોનો પ્રચાર કરતી રીક્ષાઓ ફરવા લાગી હતી.

આ ઉપરાંત રેલીઓ-સરઘસોના કારણે શહેરના મુખ્ય માર્ગો પર સતત ડીજેના તાલ ગૂંજતા સાંભળવા મળ્યા હતા. આજે શહેરમાં દરેક વોર્ડના ઉમેદવારોએ ડોર-ટુ-ડોર પ્રચાર કાર્ય તેજ બનાવ્યુ હતુ અને મોડી સાંજ સુધી સતત પ્રચાર માટે ફર્યા હતા. આજે તમામ રાજકીય પક્ષોના ચૂંટણી કાર્યાલય પર કાર્યકર્તાઓની ભીડ સાથે નાસ્તા-પાણીની જયાફતો ઉડતી જોવા મળી હતી.

આમ આદમી પાર્ટીનું સે. ૨૧માં નૃત્ય નાટિકા

આમ આદમી પાર્ટી દ્વારા સાંજના સમયે સે. ૨૧ના શાકમાર્કેટ તથા ડિસ્ટ્રિક્ટ શોપીંગ સેન્ટર ખાતે પદયાત્રા યોજી હતી. આ પદયાત્રા દરમ્યાન ડિસ્ટ્રિક્ટ શોપીંગ સેન્ટરમાં રાધે સ્વીટના સામેના ભાગે બરોડાથી આવેલા "રિસ્ક ઈવેન્ટ ગ્રુપ"ના કલાકારોએ "એક મોકો આપને" થીમ આધારિત નૃત્ય નાટિકા પ્રસ્તુત કરી માર્કેટમાં ઉમટેલી ગ્રાહકોની ભીડને આકર્ષવા પ્રયાસ કર્યો હતો.

શ્રમિક અને સ્લમ એરિયાના છુટી ગયેલા બાળકો માટે ખાસ પલ્સ પોલિયો અભિયાન યોજાયુ

ગાંધીનગર, તા. ૨૬

ગાંધીનગર શહેરમાં આજે બહારથી આવેલા અને પલ્સ પોલિયો અભિયાનમાં છુટી ગયેલા બાળકો માટે ખાસ અભિયાન યોજવામાં આવ્યુ હતુ.

આજે આ અભિયાન દરમ્યાન શ્રમિકોના પરિવારના બે હજાર જેટલા બાળકોને પલ્સ પોલિયોના બે ટીપાં પીવડાવવામાં આવ્યા હતા. સ્લમ એરિયા અને ખાસ કરીને બાંધકામ સાઈટ પર કામ કરતા શ્રમિકોના બાળકો માટે આ વિશેષ અભિયાન યોજવામાં આવ્યુ હતુ.

આજે આ અભિયાનને જોવા માટે વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશનની ટીમ પણ આવી હતી અને તેણે સે. ૬ માં સ્લમ વિસ્તારમાં ચાલી રહેલ અભિયાનને પણ નિહાળ્યુ હતુ.

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં પણ આવુ જ અભિયાન હાથ ધરવામાં આવ્યુ હતુ પરંતુ રજાનો દિવસ હોવાથી તે અંગેનો વિગતવાર અહેવાલ તૈયાર થઈ શક્યો ન હતો.

જુના સેક્ટરોના બનેલા વોર્ડમાં ભાજપના બે ઉમેદવારો નેતા-મંત્રીની હાજરીમાં ઝઘડી પડ્યા

બન્ને ઉમેદવારો પ્રદેશ આગેવાનો સાથે સારો ઘરોબો ધરાવે છે પણ બનેલી ઘટનાથી ભાજપ સંગઠન મૂંઝવણમાં

ગાંધીનગર, તા. ૨૬

ગાંધીનગર મનપાની સામાન્ય ચૂંટણી માટે આગામી રવિવારે મતદાન થવાનુ છે. સરકાર અને સંગઠનના ફેરફારો પછી યોજાઈ રહેલી આ ચૂંટણીએ રાજકારણમાં સારી એવી ઉત્તેજનાઓ જગાવી છે. આપની આક્રમકતા સામે ભાજપે પણ આક્રમક રણનીતિ તૈયાર કરી નવા મંત્રીઓ અને પ્રદેશ આગેવાનોને વોર્ડની જવાબદારી સોંપી છે.

વોર્ડમાં સ્થિતિની જાણકારી અને સૂચનો મેળવવા માટે કાર્યકર્તાઓ સાથેની બેઠકોનો દોર લગભગ સંપન્ન થયો છે. એક વોર્ડમાં મંત્રી અને પ્રદેશ નેતાની ઉપસ્થિતિમાં જ ભાજપના બે ઉમેદવારો બથ્થમ્ બથ્થા આવી ગયાની વાતે સમગ્ર શહેરમાં રાજકીય વાતાવરણને હચમચાવી દીધુ છે.

જૂના સેક્ટરોને આવરી લેતા એક વોર્ડમાં શનિવારે રાત્રે બેઠકનું આયોજન કરાયુ હતુ. ભાજપની પેનલના બે ઉમેદવારો જે પ્રદેશ નેતાઓ સાથે સારો ઘરોબો ધરાવે છે તેમને ટિકિટ ફાળવી છે. પેનલના પ્રચારની વ્યુહરચના પણ આ બે નેતાઓ જ કરતા હતા.

ગઈકાલની બેઠક દરમ્યાન નાના-નાના મતભેદો દૂર કરવાના પ્રયાસો ચાલી રહ્યા હતા ત્યાં એકા એક જ નેતાઓની હાજરીમાં ચડસાચડસી પર ઉતરી આવ્યા હતા. વાતાવરણ પણ ઉગ્ર બની ગયુ હતુ. આ બે ઉમેદવારો વચ્ચે ઝપાઝપી જેવુ શરૂ થાય તે પૂર્વે નેતાઓએ તેમને છુટા પાડવાનો પ્રયાસ કર્યો હતો. પરંતુ તેમાં સફળતા મળી ન હતી.

આ ઉમેદવારોને શાંત પાડવાની જવાબદારી સ્થાનિક આગેવાનોને સોંપવામાં આવી હતી. પરંતુ બન્ને ઉમેદવારો વચ્ચે જે અવિશ્વાસનું વાતાવરણ ઉભુ થયુ છે તેને લઈ વાત આગળ વધી શકી ન હતી. સામાજિક આગેવાનોએ પણ દરમ્યાનગીરી કરી હતી પરંતુ ખાઈ પૂરવામાં સફળતા મળી ન હતી.

● અનુસંધાન પાન-૭ પર

આજે વિધાનસભાને પ્રથમ મહિલા અધ્યક્ષ મળશે

પ્રશ્નોત્તરી સમય બાદ ઉપાધ્યક્ષ પદની ચૂંટણી યોજાશે

ગાંધીનગર, તા. ૨૬

ગુજરાત વિધાનસભાનું આજથી બે દિવસીય સત્ર આરંભાઈ રહ્યું છે. આજે સત્રના પ્રથમ દિવસે અધ્યક્ષ અને ઉપાધ્યક્ષની ચૂંટણી યોજાશે.

વિધાનસભાને પ્રથમ મહિલા અધ્યક્ષ મળશે. ભાજપના ડૉ. નીમાબેન આચાર્ય સર્વાનુમતે અધ્યક્ષપદે વરાશે.

કાર્યકારી અધ્યક્ષ દુષ્યંત પટેલના અધ્યક્ષપદ પહેલાં અધ્યક્ષની ચૂંટણી હાથ ધરાશે. ડૉ. નીમાબેન આચાર્ય સિવાય અન્ય કોઈ ઉમેદવારની દરખાસ્ત ન હોવાથી તેમને સર્વાનુમતે વરણી કરાશે.

રાજયના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અને વિપક્ષના નેતા પરેશ ધાનાણી તેમના સ્થાને જઈ અને અધ્યક્ષની ખુરશી સુધી દોરી જશે. આ પછી ગૃહની

કાર્યવાહીનો આરંભ થશે.

પ્રશ્નોત્તરીનો સમય પૂર્ણ થયા બાદ ઉપાધ્યક્ષ પદની ચૂંટણી યોજાશે અને તેમાં ભાજપના જેઠાભાઈ આહિર સિવાય અન્ય કોઈ દરખાસ્ત ન હોવાથી તેમને પણ સર્વાનુમતે ચૂંટાયેલા જાહેર કરવામાં આવશે.

વિધાનસભાનુ સત્ર બે દિવસનું છે અને તેમાં મોટા ભાગે સરકારી કામકાજ હાથ ધરવામાં આવનાર છે.

આજે સાંજે વિધાનસભા ભાજપ પક્ષના સભ્યોની બેઠક મળી હતી જેમાં આ બે દિવસીય સત્ર માટે વ્હીપ આપવામાં આવ્યો હતો તેમજ રાજયની હાલની સ્થિતિને લઈ સમીક્ષા કરવામાં આવી હતી.

વિધાનસભાની બેઠક વ્યવસ્થા બદલાશે, પૂર્વ મંત્રીઓ પાછલી હરોળમાં બેસશે

ગાંધીનગર, તા. ૨૬

રાજયમાં નવી સરકારની રચના પછી આજથી શરૂ થઈ રહેલ વિધાનસભાના બે દિવસના ટુંકા સત્રમાં બેઠક વ્યવસ્થામાં આમૂલ પરિવર્તન જોવા મળશે.

રાજયના પૂર્વ મુખ્યમંત્રી રૂપાણી, નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલ તથા સંસદીય બાબતોના મંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાને મંત્રીઓની હરોળમાં જ સ્થાન આપવામાં આવશે.

જ્યારે રાજય મંત્રીમંડળના પૂર્વ સભ્યોને પાછલી હરોળમાં સ્થાન આપવામાં આવશે. કોરોનાની ગાઈડલાઈનનું પાલન કરવાનું હોવાથી પૂર્વમંત્રીઓને પ્રેક્ષક દીર્ઘામાં અન્ય સભ્યોની સાથે સ્થાન આપવામાં આવશે.

વિધાનસભાના આ બે દિવસીય સત્રને લઈ તડામાર તૈયારીઓ કરવામાં આવી રહી છે. પાછલી હરોળમાં બેસતા સભ્યો મંત્રીમંડળમાં સ્થાન પામ્યા છે એટલે તેઓ આગળ બેસશે. જ્યારે આગલી હરોળમાં બેસતા મંત્રીઓ પૂર્વમંત્રી થતાં પાછલી હરોળમાં સ્થાન પામશે.

નગરના મુખ્ય ઘ-માર્ગનુ ૬ વર્ષ બાદ રીસરફેસીંગ કરવામાં આવશે

સે-૧૦ અને સે-૧૧ માં પણ માર્ગોની સુધારણા માટે નવરાત્રિ બાદ કામગીરી શરૂ કરી દેવાશે

ગાંધીનગર તા ૨૫

શહેરના મુખ્ય ઘ માર્ગ પર સતત ટ્રાફિકનુ ભારણ રહે છે. જયારે ઘ માર્ગના રીસરફેસીંગનુ કામ ૬ વર્ષ અગાઉ કરવામાં આવ્યુ હતુ જેને ઘણો સમય થઈ ગયો છે. જયારે હાલ વરસાદી દિવસોમાં મુખ્યમાર્ગનુ પણ ધોવાણ થયુ છે. કેટલાક ઠેકાણે સતત વરસાદી પાણી ભરાયેલા રહેતા પણ માર્ગને નુકશાન થયુ છે. આગામી નવરાત્રિ બાદ શહેરના મુખ્ય ઘ માર્ગના રીસફેસીંગનુ કામ હાથ ધરાશે આ કામગીરી પાછળ અંદાજિત રૂ ૬ કરોડનો ખર્ચ કરાશે

શહેરમાં ચોમાસાના લીધે છેલ્લા ત્રણ મહીનાથી માર્ગ સુધારણાના કામો બંધ છે. શહેરના મુખ્યમાર્ગો તેમજ સેકટરોના આંતરિક માર્ગો ઉબડ ખાબડ બન્યા છે. જેના લીધે સેકટરવાસીઓ પણ પરેશાન છે. જે માર્ગોને નિયત સમયના અંતે રીસરફેસીંગ હેઠળ આવરી લેવાના થાય છે તે અંગે પણ તંત્રએ અગાઉ દરખાસ્ત કરી હતી. જેના અંતે આગામી દિવસામાં શહેરમાં માર્ગ રીસરફેસીંગના કામો પણ હાથ ધરાશે. જેમાં મુખ્ય ઘ માર્ગનુ પણ પેવરકામ કરાશે.

ઘ માર્ગના રીસરફેસીંગનુ કામ અગાઉ વર્ષ ૨૦૧૫ માં કરવામાં આવ્યુ હતુ જયારે છેલ્લા ૬ વર્ષથી આ માર્ગની સુધારણાનુ કામ હાથ ધરાયુ નથી જેના લીધે હાલ નગરના મુખ્ય ઘ માર્ગ પર ઠેર ઠેર પેચીસ પડી ગયા હોવાની સાથે માર્ગની સરફેસ પણ ખરબચડી થઈ ગઈ છે. મુખ્ય માર્ગ હોવાના લીધે શહેરના ઘ માર્ગ પર સતત ટ્રાફિકનો ધમધમાટ જોવા મળે છે. જયારે અન્ડર પાસની કામગીરીના લીધે પણ માર્ગ પર સતત ભારે વાહનોની અવરજવર રહી હતી જેના લીધે માર્ગોની હાલત વધુ ખરાબ થઈ છે. આ સ્થિતિને અનુલક્ષી નગરના ઘ માર્ગના રીસરફેસીંગનુ કામ હાથ ધરવા માટે આયોજન કરાયુ છે. ૬ કી મી ના આ માર્ગને અનુલક્ષી આગામી નવરાત્રિ બાદ કામગીરી શરૂ કરી દેવાશે જેની પાછળ અંદાજિત રૂ ૬ કરોડનો ખર્ચ કરાશે.

અંદાજિત ૬ વર્ષના અંતે આ માર્ગની સુધારણાનુ કામ હાથ ધરાશે. માર્ગના રીસરફેસીંગને પણ નિયત સમય થઈ ગયો છે. જયારે હાલ વરસાદી દિવસોમાં માર્ગની દશા વધુ ખરાબ થઈ છે. આ ઉપરાંત સે-૧૦ અને સે-૧૧ માં પણ માર્ગ સુધારણાની કામગીરી હાથ ધરાશે જેની પાછળ અંદાજિત રૂ ૨ કરોડનો ખર્ચ કરાશે. સે-૧૧ ના કોર્મશિયલ વિસ્તારમાં પણ છેલ્લા ઘણાં સમયથી માર્ગો ખરબચડા થઈ ગયા છે. આ બન્ને સેકટરોમાં પણ વરસાદી દિવસોના અંતે કામગીરી શરૂ કરી દેવાશે.

ઉત્સવોનું મેદાન ઉકરડામાં ફેરવાયું - શહેરની ખૂબ જ મોકાની અને ઉત્સવોની ઉજવણીનું સાનુકૂળ મેદાન એટલે સેક્ટર-૬નું ખુલ્લુ મેદાન... શહેરના મધ્યમાં અને તમામ માર્ગોનું સીધું જ જોડાણ ધરાવતું આ મેદાન લોકપ્રિય મેદાન બની ગયું હતું... આજે એ મોકાના મેદાનની કેવી અવદશા છે... એની તસવીરી ઝલક છે... જ્યાં હકડેઠઠ માનવ મહેરામણ ઉમટતો હોય તે મેદાનમાં હકડેઠઠ ગંદકીનું સામ્રાજ્ય ફેલાયું છે... નવરાત્રીની ઉજવણી હોય, સરકસનું આયોજન હોય, જ્ઞાતિ સમાજના મેળાવડા હોય, વ્યાપાર - વ્યવસાયના મહાસેલ હોય કે, મોટા પ્રદર્શનો હોય... તમામ માટે સાનુકૂળ સ્થળની કેવી અવદશા સર્જાઈ છે... આસપાસના રિનોવેટ થતાં મકાનો કે નવા નિર્માણ પામી રહેલા મકાનોની વધેલી-ઘટેલી સામગ્રી, કે કાટમાળ અહીં ઠલવાતો જ જાય છે... જાણે કે કાટમાળની ડમ્પીંગ સાઈટ હોય એમ કોઈ રોકટોક વગર કાટમાળના થર જામતા જાય છે... મનપા કે પાટનગર યોજના વિભાગ, કે મેદાનની સામે જ બેસતી કલેક્ટર કચેરી... કોઈ વહીવટીતંત્ર આ ગંદકીના મામલે ગંભીર જણાતું નથી...

શહેરમાં દિવસભર વરસાદી માહોલ

ગાંધીનગર, તા. ૨૬

ગાંધીનગરમાં રવિવારે રજા હોવા છતાં વરસાદી માહોલને કારણે નાગરિકોએ બહાર જવાનું ટાળ્યું હતું. વાદળોની આવન જાવન વચ્ચે દિવસે બે-બે કલાકના અંતરે હળવું ઝાપટું વરસતા સતત ભીનાશ વર્તાતી હતી. જોકે તંત્ર દ્વારા મળતી વિગતો મુજબ સવારથી સાંજ સુધી ૧૨ કલાકમાં માત્ર ૧ એમ.એમ. વરસાદ નોંધાયો હતો. આમ છતાં આખો દિવસ વરસાદી વાતાવરણ સર્જાયેલું રહ્યું હતું.

બીજી તરફ શહેરમાં મહાનગર પાલિકાની ચૂંટણીને આડે માત્ર ૬ દિવસ બાકી હોવાને કારણે પ્રચાર ઝુંબેશ તીવ્ર ગતિ પકડી રહી છે. પ્રચારમાં નિકળતા કાર્યકરો ભીંજાઈ જાય છે. આમ આદમી પાર્ટી અને ભાજપ દ્વારા પાર્ટીના સિમ્બોલ વાળી છત્રીઓ લઈને પણ નિકળતા નજરે પડે છે. આમ છતાં ડોર - ટુ ડોર અભિયાનમાં વરસાદ વિલન બની રહ્યો છે એવું ત્રણેય રાજકીય પક્ષો સ્વીકારી રહ્યા છે. જેવો વરસાદ બંધ થાય ત્યારે સૂત્રોચ્ચાર સાથે ફરીથી પ્રચાર અભિયાન શરૂ કરી દેવામાં આવે છે.

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT
KisaN
ashirvad
Jaquar experience bathing
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2015 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

જીલ્લામાં આગામી ૨જીએ ખાસ ગ્રામસભા અભિયાન

વડાપ્રધાન નરેન્દ્ર મોદી વર્ચુઅલી આ અભિયાનમાં જોડાઈ જળ એ જ જીવન પર વાત કરશે

ગાંધીનગર, તા. ૨૬

આગામી ૨જી ઓક્ટો.-૨૦૨૧ના રોજ ભારત સરકારના જલશક્તિ મંત્રાલયની સૂચના સંદર્ભે જિલ્લામાં ખાસ ગ્રામસભાઓનું આયોજન કરવામાં આવ્યુ છે.

સવારે ૧૦ વાગે યોજાનારી આ ખાસ ગ્રામસભામાં જળ એ જ જીવન વિષય પર ખાસ ચર્ચાઓ હાથ ધરવામાં આવશે તેમજ જળસંચય અભિયાન પર પણ ભાર મુકવામાં આવશે.

મળતી વિગતો પ્રમાણે ૧૧ થી ૧૨ દરમ્યાન વડાપ્રધાન નરેન્દ્ર મોદી પણ આ અભિયાનમાં વર્ચ્યુઅલી જોડાશે અને પાણી સમિતિના સભ્યો સાથે સંવાદ કરશે. આ ગ્રામસભામાં સ્વચ્છતા અભિયાનને લઈ તેમજ ગ્રામ વિકાસને લઈ પણ ચર્ચાઓ કરવાની રહેશે.

આ ગ્રામસભાઓ માટે ખાસ નોડલ અધિકારીઓની પણ નિયુક્તી કરવામાં આવનાર હોવાનું જાણવા મળેલ છે. ગ્રામસભા અભિયાનને લઈ તંત્ર દ્વારા તૈયારીઓ હાથ ધરવામાં આવી છે. કોરોનાની મહામારીને પગલે છેલ્લા ત્રણેક વર્ષથી ગ્રામસભાઓ થઈ નથી જે નોંધનીય છે.

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com